ધ્યાનનો અર્થ

એક અગંતૂકે પૂછ્યૂ: ધ્યાન શું છે? શું તે એક વિધિ છે જેનો અભ્યાસ કરી શકાય? શું આ એક પ્રયાસ છે જે આપણે કરવી પડે? શું આ કંઈક એવું છે જેનાથી મનને પામી શકાય? ના આ એવું નથી. જ્યાં મન સમાપ્ત થાય છે ત્યાંથી ધ્યાનની શરૂઆત થાય છે. આને યાદ રાખવુ જોઈએ કારણ કે, આપણા જીવનમાં આપણે જે કાંઈ કરીએ છીએ તે મન દ્વારા કરીએ છીએ. જે કાંઈ પણ પામીએ છીએ તે મન દ્વારા પામીએ છીએ અને જ્યારે આપણે પોતાની અંદરની તરફ જોઈએ છે ત્યારે આપણે ફરીથી વિધીઓ, તરકીબો, ફૃત્યો વિશે વિચારવા માંડીએ છીએ કારણ કે, આપણા જીવનનો અનુભવ કહે છે કે દરેક વસ્તુ મન દ્વારા કરી શકાય છે.

ધ્યાન સિવાયની દરેક વસ્તુ મન દ્વારા કરી શકાય છે. ધ્યાન ઉપલબ્ધિ નથી તે પહેલાથી જ વિધ્યમાન છે. એ તમારો સ્વભાવ છે તમારે ફક્ત તેને ઓળખવાનું છે, ફક્ત તેને સ્મરણ કરવાનું છે એ તમારી ત્યાં જ રાહ જોઈ રહ્યો છે બસ અંદરની તરફ ઝાંકી અને તે ઉપલબ્ધ છે. તમે હર હંમેશ તેની સાથે જ છી ધ્યાન તમારો મૂળ સ્વભાવ છે. એ તમે જ છો અને આને તમારા સ્વરા કે ન કરવાથી કોઈ લેવા-દેવા નથી. આ કોઇ વસ્તુ નથી અને એક વાર જો તમે સમજી લો છો કે ધ્યાન શું હોય છે ત્યારે વસ્તુઓ ઘણી સ્પષ્ટ થઈ જય છે નહીંતર તમે અંધારામાં ફંફોળતા રહી જાઓ છો.

ધ્યાન એક સ્પષ્ટતાની અવસ્થા છે, નહીં કે મનની, મન ભ્રમ છે. મન ક્યારેક પણ સ્પષ્ટ નથી હોતુ અને થઇ પણ ન શકે. વિચારો તમારી આજુબાજુ વાદળી ઉત્પન્ન કરે છે તે સૂક્ષ્મ વાદળી છે તેના દ્વારા ધુમ્મસ ઉત્પન્ન થાય છે અને સ્પષ્ટતા ખોવાય જાય છે. જ્યારે વિચારો ખોવાય જાય છે ત્યારે ત્યાં આજુબાજુ કોઈ વાદળી નથી હોતા, સ્પષ્ટતા ત્યારે ઘટે છે જ્યારે તમે બસ પોતાનામાં સરળ હોવ છો, ત્યારે તમે ખૂબ જ દૂર સુધી જોઈ શકો છો ત્યારે તમે અસ્તિત્વના અંતિમ છોર સુધી જોઈ શકો છો. ત્યારે તમારી દૃષ્ટિ ઉંચી થઈ જાય છે અને ચેતનાના મર્મ સુધી પહોંચી જાય છે.

ધ્યાન દૃષ્ટિની પરીપૂર્ણ સ્પષ્ટતા છે તેના વિશે તમે વિચારી ન શકો તમારે વિચારો ને છોડવા પડશે, જ્યારે હું કહું છું કે, વિચારથી મુક્ત થવું ધ્યાનની ઉપલબ્ધિ નથી તે પહેલાથી જ ત્યાં વિધ્યમાન છે, આ તમારો સ્વભાવ છે, આને તમારે ફક્ત ઓળખવાનો છે અને ફક્ત સ્મરણ કરવાનું છે એ તમારી ત્યાં રાહ જ જોઈ રહ્યો છે - બસ અંદરની તરફ જુઓ અને તે હાજર જ છે. હોવુ : એનો સરળ અર્થ એ જ છે કે તમે કાંઈ પણ ન કરો બેસી જાઓ વિચારોને સ્વતઃ બેસી જવા દો મનને સ્વતઃ પડી જવા છે, કોઈ ખૂણામાં કંઈ પણ કર્યા વિના તમે બસ બેસી જાઓ, કાંઈ પણ કર્યા વિના, ક્યાંક પણ ગયા વગર દિવાલો તે જુઓ વિશ્રાંત, શીથીલ, પ્રયાસ રહિત... તમે જાગો છો અને વિક્રાંત છો પરંતુ આખું શરીર નિન્દ્રામાં જઈ રહ્યું છે પરંતુ અંદરથી તમે જાગૃત રહો છો અને શરીર ગહન વિશ્રામમાં.

> ધ્યાન સિવાયની દરેક વસ્તુ મન દ્વારા કરી શકાય છે. ધ્યાન ઉપલબ્ધિ નથી તે પહેલાથી જ વિધ્યમાન છે

વિચારરસ્વતઃ પોતાની જાતે શાંત થઈ જશે, તમારે તેની વચ્ચે અવરોધ કરવાની કોઈ જરૂર નથી હોતી, આ એવી રીતે જ છે કે જેવી રીતે એક નાળુ ગંદુ થઈ જાય તમે શું કરશો? શું તમે તેમાં કૂદી જશો અને નાળાને સાફ કરવા માંડશો? તમે બંને વધુ ગંદુ કરી દેશો. તમે બસ કિનારા પર બેસી જાઓ, તમે રાહ જુઓ, ત્યા કંઈ પણ કરવાની જરૂર નથી. કારણ કે તમે જે પણ કરશો તે નાળાને વધુ ગંદું કરશે. જો કોઈ નાળામાંથી પસાર થાય છે તો નીચે બેસી ગયેલા પાંદડા અને કીચડ સપાટી પર આવી જશે તો બસ થોડી ધીરજની જરૂર છે. તમે કિનારા પર દૂર બેસીને ફક્ત દ્રષ્ટા બની રહો અને જેમ જેમ નાળુ વહેતુ રહેશે મૃત પાંદડા અને કીચડ દૂર થતા જશે અને તળે બેસી જશે કારણ કે, તે હંમેશા માટે ઉપર રહી શકશે નહીં અને થોડા સમય પછી તમે સચેત થઈ જશો કે નાળુ પૂરી રીતે સ્વચ્છ થઈ ગયું છે.

ઓશો : ANCIENT MUSIC IN THE PINES પુસ્તકમાંથી સૌજન્યઃ ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,

ઓશો વાણી

સર્વ ધર્મના પર્વનો અવસર

ચૈત્ર માસ

તા. 19મી માર્ચે ફાગણ માસની અમાસ છે પણ ચૈત્ર માસની એકમનો ક્ષય હોવાથી તા. 19મીથી ચૈત્ર માસના ઘણા બધા તહેવારોનો પ્રારંભ થઇ રહ્યો છે. વિશેષ તો ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે. વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. જે મહા, ચૈત્ર, અષાઢ અને આસો માસની નવરાત્રીમાં ચૈત્રી નવરાત્રી અને આસોમાસની શારદીય નવરાત્રીનું અધિક મહત્ત્વ રહેલું છે. 19 માર્ચથી પ્રારંભાતી ચૈત્રી નવરાત્રી 27 માર્ચ સુધી ચાલશે. પંચાંગ મુજબ ઉદય તિથિ અનુસાર તા. 19મીએ સવારે 6.52 કલાકે પ્રારંભ થતી પ્રતિપદા તિથિ 20 માર્ચની સવારે 4.52 સુધીની રહેશે. માતાજીના ઘટસ્થાપનનું મુહૂર્ત 19મીએ જ સવારે 6.52 થી સવારે 7.43 સુધીનું શુભ ગણાય છે પણ કોઇ કારણે શક્ય ના બન્યું હોય તો બપોરે 12-5 કલાકથી 12.53 સુધીના અભિજીત મુહૂર્તમાં પણ ઘટસ્થાપન કરી શકાય છે. શક્તિપૂજકો ચૈત્રી નવરાત્રીમાં વિધિ-વિધાનોનુસાર અનુષ્ઠાન, પાઠ, પૂજા કરતા હોય છે.

ચૈત્ર માસનો પ્રારંભ વિવિધ હિન્દુ સંપ્રદાય અને વિવિધ પ્રાંતના હિન્દુ સમાજ માટે નૂતન વર્ષની પ્રભાત સાથે ઉત્સવની ઉજવણી લઇને આવે છે તો હિન્દુ, મુસ્લિમ, પારસી, શીખ, ખ્રિસ્ત્રી, જૈન અને સીંધી સમાજના વિવિધ તહેવારો પણ આ મહિનામાં આવે છે. વિક્રમ સંવત 2083નો પ્રારંભ ગુરૂવાર તા. 19થી થશે જો કે એ જ વિક્રમ સંવત ગુજરાતમાં સાત મહિના પછી એટલે કે કારતક સુદ એકમથી પ્રારંભ થાય છે. એ સંવતનું ગણિત વિગતે સમજવા માટે એક આખો લેખ તૈયાર થઈ શકે કારણ કે આપણે ત્યાં માત્ર ભારતમાં જ 36 જેટલા પંચાંગ, તિથિપત્ર અને કેલેન્ડર હતા તેમાંથી હાલમાં 24 જેટલા કેલેન્ડર લુપ્ત થઈ જતાં માત્ર 12 જેટલા કેલેન્ડર પ્રચલિત છે. એટલે સ્વાભાવિક જ ધર્મ અને સંસ્કૃતિ મુજબ વિવિધતા તો રહેવાની જ..

સંસ્કૃતિ દર્શન
સનત દવે

ચૈત્ર માસનો પ્રારંભ એટલે મહારાષ્ટ્ર, કોંકણમાં નૂતન વર્ષનો પ્રારંભ, આ દિવસે ગુડીપડવો નામના ઉત્સવની મરાઠી અને કોંકણી લોકો ખૂબ ધૂમધામથી ઉજવણી કરતાં હોય છે. આંધ્રપ્રદેશ, તેલગાણાં અને કર્ણાટકમાં 'ઉગાદી' નામે તેલુગુ નવવર્ષ પણ ચૈત્ર સુદ એકમે ઉજવાય છે. તો તામિલનાડુ અને પોંડીચેરીમાં પણ 'પુથડું'ના નામે ચૈત્ર મહિનાના પ્રારંભ સાથે નવું વર્ષ પ્રારંભાય છે. 'પુથડું' ની ઉજવણી મલેશિયા, સિંગાપોર, મોરેશિયસ અને શ્રીલંકામાં પણ ઘણા બધા સ્થળોએ ઉજવાય છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ચૈત્ર સુદ એકમથી શરૂ થતું નવું વર્ષ 'નવરેહ' તરીકે ઓળખાય છે અને તેની ઉજવણી છેલ્લા 5000 વર્ષથી થતી હોવાની માન્યતા છે. સિંધી સમાજનો તહેવાર ઝુલેલાલ જયંતી પણ આ દિવસે હોય છે તો બીજા દિવસે ચેટીચાંદ ઉજવાશે. ચૈત્ર સુદ ત્રીજને તા. 21મીએ ભગવાન વિષ્ણુના મત્સ્ય અવતારની જયંતી છે. ગણગૌર અને ગૌરીત્રીજ છે. મુસ્લિમ ભિરાદરોનો સૌથી મોટો તહેવાર રમઝાન ઈદ પણ તા. 21મીને શનિવારે ઉજવાશે. (ફેરફાર ના થાય તો) ઉપરાંત પારસી કેલેન્ડરના પ્રણેતા જમશેદજીની યાદમાં ઉજવાતો જમશેદી નવરોઝ ઉત્સવ પણ શનિવાર તા. 21મીએ ઉજવાશે.

> ચૈત્ર માસનો પ્રારંભ એટલે મહારાષ્ટ્ર, કોંકણમાં નૂતન વર્ષનો પ્રારંભ, આ દિવસે ગુડીપડવો નામના ઉત્સવની મરાઠી અને કોંકણી લોકો ખૂબ ધૂમધામથી ઉજવણી કરતાં હોય છે. આંધ્રપ્રદેશ, તેલગાણાં અને કર્ણાટકમાં 'ઉગાદી' નામે તેલુગુ નવવર્ષ પણ ચૈત્ર સુદ એકમે ઉજવાય છે. તો તામિલનાડુ અને પોંડીચેરીમાં પણ 'પુથડું'ના નામે ચૈત્ર મહિનાના પ્રારંભ સાથે નવું વર્ષ પ્રારંભાય છે 'પુથડું' ની ઉજવણી મલેશિયા, સિંગાપોર, મોરેશિયસ અને શ્રીલંકામાં પણ ઘણા બધા સ્થળોએ ઉજવાય છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ચૈત્ર સુદ એકમથી શરૂ થતું નવું વર્ષ 'નવરેહ' તરીકે ઓળખાય છે અને તેની ઉજવણી છેલ્લા 5000 વર્ષથી થતી હોવાની માન્યતા છે.

તા. 26મી માર્ચે રામનવમી છે. દેશભરમાં આ પર્વની ખૂબ ભવ્ય ઉજવણી થતી હોય છે. ખાસ કરીને અયોધ્યા રામમંદિરમાં વિશેષ આયોજનો સાથે પર્વ ઉજવાતું હોવાથી દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. જો કે ચૈત્ર સુદ નોમ તા. 27મીએ છે પણ રામનવમીની ઉજવણી અને જાહેર રજા તા. 26મીએ રહેશે. સ્વામીનારાયણ જયંતી તા. 27મીએ ઉજવાશે. જો કે ઉજવણીનું ગુજરાતમાં વધુ મહત્ત્વ છે. તા. 30મીએ વામન બારસ છે. એપ્રિલની તા. 19મીએ પરશુરામ જયંતી છે. એટલે 19 માર્ચથી 19 એપ્રિલના એક મહિના દરમિયાન ભગવાન વિષ્ણુના ચાર અવતારોના ઉત્સવ ઉજવાશે.

માર્ચ માસાન્તે તા. 31મીને ચૈત્ર સુદ તેરસ એટલે જૈન સમાજનો મોટો તહેવાર 'મહાવીર જયંતી ' આવશે. ચૈત્ર સુદ ચૌદશે નાગરોના ઈષ્ટદેવ દેવાધિદેવ હાટકેશ્વર મહાદેવ જયંતી છે. વડનગરમાં હાટકેશ્વર મહાદેવ મંદિર ખૂબ ભવ્ય છે અને રાગરાગીણીની સરસ્વતી જેમનાં કંઠે વસતી હતી એવી તાના-રીરીનો ઈતિહાસ હાટકેશ્વર મંદિર સાથે જોડાયેલો છે. ચૈત્ર સુદ પૂનમે દેશભરમાં ઉજવાશે 'હનુમાન જન્મોત્સવ'..., તો આ દિવસે બહુચરાજીમાં મેળો પણ યોજાય છે. આ વ્રતની પુનમ કહેવાતી હોવાથી ગુજરાતી સન્નારીઓમાં વિશેષ મહત્ત્વ રહેલું છે. ચૈત્ર પુનમે શિવાજી મહારાજની તિથિ પ્રમાણે પુણ્યતિથિ છે. મહારાષ્ટ્રમાં આ અવસરે વિશેષ આયોજનો થતા હોય છે.

ચૈત્ર સુદ ચૌદશે પહેલી એપ્રિલ છે. આ કોઈ તહેવાર નથી પણ એકબીજાની મજાક ઉડાવી આનંદ મેળવાતો પહેલી એપ્રિલનો એપ્રિલફૂલ દિવસ છે. જો કે ત્રીજી એપ્રિલ અને ચૈત્ર વદ એકમ એટલે ખ્રિસ્તી સમાજનું 'ગુડફ્રાયડે'નું પર્વ છે. ચૈત્ર વદ અગિયારસે વૈષ્ણવ સમાજના વલ્લભાચાર્યની જયંતી છે. તો બીજે દિવસે બારસે મંગળવાર તા. 14-4ના રોજ આંબેડકર જયંતી છે. પંજાબ-હરિયાણાં ઉજવાતો 'વૈશાખી'નો તહેવાર પણ 14-4ના રોજ છે. ચૈત્રમાસ ખૂબ પાવનકારી મહિનો છે. વિવિધ ધર્મ અને વિવિધ સમાજના અલગ અલગ તહેવારોના રંગોથી પુરાયેલી ભારતની રંગોળીની ભવ્યતા ચૈત્ર માસે વધુ ભવ્ય ભાસે છે.

ફાગણ મહિનાની શરૂ થયેલી ગરમી ચૈત્રમાં ત્રાહિમામ કરાવતી હોય છે, પણ વસંત ઋતુ સોળે કળાએ ખીલી હોવાથી ખેતરોમાં અને જંગલોમાં સર્વત્ર હરિયાળી હોય છે. આંબે પાકેલી કેરીઓ બજારમાં આવી ગઇ હોય છે. તો તરબૂચ અને શેરડીના રસની લારીઓ પર સતત ગીરદી જોવા મળતી હોય છે. બદલાયેલી મોસમ માટે વૈદરાજ પણ ખાવા-પીવા અંગે ખૂબ ધ્યાન રાખવા માટે સૌને સલાહ આપતા હોય છે. વિશેષ કરીને લીમડાના પાનનું સેવન કે લીમડાના પાનનો રસ પીવાનું આ મહિનામાં ખૂબ મહત્ત્વ છે. જે લોહી શુદ્ધ કરે છે અને અનેક પ્રકારની બિમારીઓ સામે રક્ષણ આપે છે.

ધાર્મિક મહત્ત્વતા ધરાવતા ચૈત્ર માસમાં ભગવાન વિષ્ણુની રોજ પૂજા કરવી જોઇએ તેમજ સૂર્યનારાયણને જળનું અર્ઘ્ય આપવું જોઇએ. ગુજરાતી મહિલાઓ આ મહિના દરમ્યાન ઓખા અને અનિરૂધ્ધની સાથે જોડાયેલી ઓખાહરણ કથાનું પઠન-શ્રવણ અવશ્ય કરતી હોય છે. દાનનું મહત્ત્વતા ધરાવતા આ મહિનામાં જલદાનનું અધિક મહત્ત્વ છે. કેટલાક લોકો પરબ બંધાવતા હોય છે. તો પશુ-પક્ષીએ માટે મોટી પાણીની કુંડી કે કૂંડાં મુકાવતા હોય છે. અવર-જવર રહેતી હોય તેવા ચાર રસ્તાની બાજુમાં ઠંડા પાણીની કોઠી કે માટલા પણ મુકાવતા હોય છે. તો જલદાનનો મહિમા જાણતા જાણકારો ગરીબોને કે બ્રાહ્મણોને કાળા માટલાનું દાન કરતા હોય છે. તુલસી, લીમડો, વડ, પીપળો જેવા આપણી નજીકનાં આવાં વૃક્ષોને પાણી ચઢાવવું જોઈએ જેને શુભ મનાય છે. જો કે ધાર્મિક દૃષ્ટિ સિવાય પણ પર્યાવરણ સુરક્ષા અને માનવીય ધોરણે પણ વૃક્ષોને કે પશુ-પક્ષીઓને પાણીથી તૃપ્ત કરવા જોઇએ જ બારીકીથી આપણે બારે મહિનાનું ઓજ્જર્વેશન કરીએ તો સર્વધર્મના અધિકાધિક પર્વ એક જ મહિનામાં આવતા હોય તો તે 'ચૈત્ર' માસ જ હોય શકે!

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૫૫

માધુરી લીલા

ત્રણ વર્ષનો લાલો ગોપીને ગળામાં હાથ નાખીને કહે છે, "અરે સખી તું ખૂબ જ સુંદર છે". ગોપી લાલાને કહે છે, ''તને સંકોચ નથી થતો આવું કહેતા?'' ત્યારે કનૈયો કહે છે, ''મને સંકોચ શાનો? તું મારી છે અને હું તારો છું. હું જ તારો બાળક અને હું જ તારો ધણી છું.''

આ દ્રશ્યની કલ્પના કરીને વિચારીએ કે બીજા કોઈ દેવ એવા છે કે જે રસ્તે ચાલતી સ્ત્રીના ગળામાં હાથ નાખી શકે? પરસ્ત્રીથી દેવો પણ ગભરાઈને દૂર રહે છે પરંતુ અહીં જગદીશ્વર કનૈયો કહે છે કે હું તો બધાંનો બાળક અને બધાંનો ધણી છું. મને કોઈની પણ બીક લાગતી નથી.

કનૈયો બાળક બનવા તૈયાર છે, પિતા થવા તૈયાર છે, ધણી થવા પણ તૈયાર છે કારણ કે શ્રીકૃષ્ણ એ દેવ નથી પરંતુ દેવોના દેવ છે. પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. બધાના ધણી છે. ઈશ્વર સાથે આપણે જે ભાવથી સંબંધ જોડીએ તે ભાવ પ્રમાણે પરમાત્મા સ્વ-રૂપ ધારણ કરે છે અને જીવને અખૂટ પ્રેમ કરે છે માટે લાલાની આ 'માધુરી લીલા' કહેવાય છે.

બીજા એક પ્રસંગે એક ગોપી દહીં, દૂધ, માખણ વેચવા નીકળી છે. મનમાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતા કરતા ચાલે છે. શ્રીકૃષ્ણના પ્રેમમાં દેહનું ભાન પણ ભૂલી ગઈ છે. તેણે ખરેખર વેચતી વખતે બોલવું જોઈએ 'દહીં લો', 'માખણ લો' વગેરે. પરંતુ દેહભાન ભૂલવાની સાથે માનસિક ભાન પણ ભુલાઈ ગયું છે. માટે આવું બોલવાનું તેને યાદ આવતું નથી. તેના મનમાં માધવ હતા એટલે તે બોલે છે, 'કોઈ માધવ લો, કોઈ ગોવિંદ લો, હું તો વેચતી વ્રજની નાર'. જાણે ગોપી શ્રી હરિને વેચવા નીકળી છે. ચૌદ ભુવનના નાથને વેચવા નીકળી છે. લાલાના કાને તેના શબ્દો પડ્યા અને મનમાં કહેવા લાગ્યા, 'આ તો જબરદસ્ત છે. મને પણ વેચવા નીકળી છે.' વાહ હું પણ જોઉં કે મને વેચવા માટે તેણે શું પ્રબંધ કર્યો છે?

આમ વિચારીને તે જ વખતે શ્રીકૃષ્ણ રસ્તામાં ગોપી પાસે પ્રગટ થાય છે. ગોપીને કહે છે, "હું ગોકુળનો રાજા છું, મને માખણનું દાણ (ટેક્સ) આપ્યા વગર ક્યાં જાય છે?" ગોપીના હૃદયમાં શ્રીકૃષ્ણ માટે અતિશય પ્રેમ છે. આથી તેમને ચીડવવા માટે ગોપીએ કહ્યું, "તું શાનો ગોકુળનો રાજા? ગોકુળના રાજા તો દાઉભૈયા (બળરામ) છે. હું તેમને માખણ આપીશ. તને તો નહિ જ આપું. ખબર પડતી નથી કે નંદબાબા આ કાળા કનૈયાને ક્યાંથી લઈ આવ્યા? નંદબાબા તો ગોરા છે તો પછી તું કાળો ક્યાંથી આવ્યો? જા હવે અહીંથી".

> લાલાના હાથમાં શસ્ત્ર નથી પરંતુ એક હાથમાં મોરલી અને બીજા હાથમાં માખણ છે. એ આંખથી ઘાયલ કરે છે. પ્રેમથી વશ કરે છે માટે એ 'પ્રેમનું સ્વરૂપ' છે

લાલજી મરક મરક મલકાતા મનમાં જ બોલ્યા કે સારું તું આવું બોલે છે ને? હવે તને મઝા ચખાડું છું. આમ વિચારી લાલાએ ગોપીની સાડી પકડી લીધી.

ગોપી કહેવા લાગી "લાલા મને છોડ. મારા દૂધ, દહીં, માખણ ઢોળાઈ જશે. મારાં સાસુ મને ખૂબ ખીજવાશે." છેવટે ગોપીએ લાલાને ધક્કો મારી સાડી છોડાવી લીધી અને માખણ (દાણ) આપ્યા વગર ચાલવા માંડી. પાછળ જુએ છે તો કનૈયો રીસાયેલો લાગે છે અને પાછળ પાછળ ચાલ્યો આવે છે. શ્રીકૃષ્ણ માટે અતિશય પ્રેમથી ભરેલું ગોપીનું હૃદય પીગળ્યું અને કહ્યું, "લાલા, હું તને માખણ આપું, મારી ભૂલ થઈ."

કનૈયો કહે છે કે હવે મારે કશું જોઈતું નથી. ગોપી આગળ ચાલે છે અને હવે લાલાએ લીલા શરૂ કરી. એક પથ્થર લઈ મટકી પર માર્યો. મટકી ફૂટી ગઈ. એ દહીંની મટકી હતી. મટકીનું તમામ દહીં ઢોળાઈ ગયું. કનૈયો ઘરે દોડતો આવ્યો એટલે માતાએ પૂછ્યું, ''બેટા શું થયું?'' ત્યારે લાલો કહે છે કે, ''એક ગોપી વાઘણ જેવી છે, તે મારી પાછળ મને મારવા દોડે છે.'' મૈયા પૂછે છે કે, ''તે કોઈ તોફાન તો નથી કર્યું ને?'' ત્યારે લાલો કહે છે કે 'ના', અને તે માની ગોદમાં ભરાઈ જાય છે.

પેલી ગોપીએ આવીને યશોદાજીને ફરિયાદ કરી કે, ''મા, તમે લાલાને બહુ લાડ લડાવો છો. કનૈયો બહુ તોફાની થઇ ગયો છે. તેણે પથ્થર મારીને મારી મટુકી ફોડી નાખી છે. મારું તમામ દહીં ઢોળાઈ ગયું છે.'' તેની ફરિયાદ સાંભળીને ગોદમાં ભરાયેલો, વાણીમાં ચતુર લાલો માને કહે છે, ''મા, આ ગોપી બહુ કંજૂસ છે. ત્રણ દિવસનું વાસી દહીં લઈને વેચવા જતી હતી. કોઈ ગરીબ આવું વાસી દહીં ખાય તો માંદો પડે કે નહિ? બસ એટલે જ મેં એની મટકી ફોડી નાખી છે.'' યશોદા ગોપીને પૂછે છે કે શું તને આટલો પણ વિવેક નથી? શું લાલાની આ વાત સાચી છે? ત્યારે ગોપી મંદ હાસ્ય સાથે શરમાઈને કહે છે, ''મા, ત્રણ દિવસ નહિ, પરંતુ બે દિવસનું વાસી દહીં જરૂર હતું.''

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

આમ અહીં શ્રીકૃષ્ણની વધુ એક મંગલમય લીલાનું વર્ણન છે.

જે છલોછલ પ્રેમથી ભરેલી છે, માધુર્ય છે, દિવ્ય છે. મટકી ફોડે તો પણ લાલો વહાલો લાગે છે. લાલાના હાથમાં શસ્ત્ર નથી પરંતુ એક હાથમાં મોરલી અને બીજા હાથમાં માખણ છે. એ આંખથી ઘાયલ કરે છે. પ્રેમથી વશ કરે છે. માટે એ 'પ્રેમનું સ્વરૂપ' છે. આ જ સ્વરૂપ અનેક લીલાઓમાં ઊભરી આવે છે. હવે પછીના લેખોમાં પણ સમજશું તેમ લાલો રોજ મોરલી વગાડે છે અને આ મોરલીનો મધુર સૂર જેના કાનમાં જાય તેને જ આ સંસારમાંથી વૈરાગ્ય આવે છે. લાલાની મોરલી સાંભળ્યા પછી મોટા મોટા યોગીઓની પણ સમાધિ તૂટે છે અને લાલાને મળવા દોડે છે.

(ક્રમશઃ)